# નીટની પરીક્ષા સરળ પુરવાર થતા વિદ્યાર્થીઓમાં હાશકારો

**કોરોનાના કહેર વચ્ચે પ્રશ્નપત્ર સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં હર્ષની લાગણી : ભૌતિક શાસ્ત્રમાં બે પ્રશ્નોની ગણતરી લાંબી રહી : બલવંતસિંહ રાજપુત**



ગાંધીનગર તા ૧૩

વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે અત્યંત મહત્વની નીટની પરીક્ષા આજે શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થઇ હતી જયારે નીટની પરીક્ષાનુ પ્રશ્નપત્ર પણ સરળ નિકળતા પરીક્ષાખંડની બહાર નિકળતા વિદ્યાર્થીઓના ચહેરા પર ખુશીની લહેર પણ જોવા મળી હતી. ભૌતિક શાસ્ત્રના બે કે ત્રણ પ્રશ્નોની ગણતરી લાંબી રહી હતી. જો કે આ સિવાય નીટની કસોટી એકંદરે સરળ પુરવાર થઇ હતી.

સમગ્ર દેશમાં આજે નીટની પરીક્ષા લેવામાં આવી હતી ગાંધીનગરમાં પણ વિવિધ સેન્ટર પરથી વિદ્યાર્થીઓએ નીટની પરીક્ષા આપી હતી. નીટની પરીક્ષામાં અંદાજિત ૧૫ લાખ જેટલા ઉમેદવારોએ આ પરીક્ષા આપી હતી જયારે નીટની પરીક્ષા એકંદરે વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થઇ હતી.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં કોરોનાનો ચેપરેટ સ્થિર થતાં તંત્રની ચિંતા વધી

**જિલ્લાની હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં તબીબો અને અન્ય સ્ટાફની અછત : શહેર-જિલ્લામાં હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારાતા દર્દીઓ વધ્યા : કન્ટેનમેન્ટ ઝોનના અમલીકરણમાં પણ તંત્રની લાપરવાહી : કોરોના ઘાતક બની રહ્યો છે**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનો ચેપરેટ છેલ્લા પખવાડિયાથી સ્થિર થયેલો જોવા મળી રહ્યો છે. સાથે જ હોસ્પિટલોમાં પણ દર્દીઓની સંખ્યા જે રીતે વધી રહી છે તે જોતાં તંત્રએ હવે રિકવરી રેટ વધે તેના પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે પરંતુ હોસ્પિટલમાં સ્ટાફની અછત એ મોટી સમસ્યા બની ઉભરી આવેલ છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કેસોની સંખ્યા ૩ હજારના આંકને પાર કરી ગઈ છે. ટેસ્ટ, ટ્રેક અને ટ્રીટમેન્ટની આક્રમક રણનીતિ પર તંત્ર કામ કરી રહ્યુ છે પરંતુ ગાંધીનગર સિવિલમાં તબીબો સહિતની સ્ટાફની અછત એક મોટી સમસ્યા બની ઉભરી આવેલ છે. ગાંધીનગર સિવિલમાં ૨૨૫ થી વધુ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ હવે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારનાર દર્દીઓની સંખ્યા વધી રહી છે. જિલ્લામાં ૧૭૦ થી વધુ દર્દીઓ હાલ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

ગ્રામીણ વિસ્તારમાં કન્ટેનમેન્ટ ઝોનના અમલીકરણ માટે તંત્ર પાસે ઓછો સ્ટાફ છે બીજી તરફ શહેરમાં પણ મનપા પાસે ઓછો સ્ટાફ છે. આ બધી પરિસ્થિતિમાં આગામી દિવસોમાં પરિસ્થિતિ વધુ વણશે તેવા સંકેતો મળી રહ્યા છે. જિલ્લાના ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં કન્ટેનમેન્ટ ઝોન અંગે તંત્રનું મૌન જ સ્પષ્ટ કરે છે કે કન્ટેનમેન્ટના અમલીકરણમાં કેટલી ઉદાસીનતા જોવા મળી રહી છે.

કોવિડ કેર સેન્ટર અને કોવિડ ડેઝીગ્નેટેડ હોસ્પિટલો પણ હાલ તો દર્દીઓથી ભરાઈ જવા પામી છે. ગાંધીનગર સિવિલના તબીબોને પ્રતિ નિયુક્તી પર અન્ય જિલ્લાઓમાં કોરોનાને લઈ મોકલવામાં આવી રહ્યા છે.

રાજ્ય સરકારનું આયોજન કોવિડ-૧૯ના સંક્રમણને પહોંચી વળવામાં વામણુ પુરવાર થઈ રહ્યુ છે. જિલ્લામાં ટેસ્ટીંગ વધારાયા બાદ જે રીતે કેસો મળી રહ્યા છે તે કોરોના તેના ત્રીજા સ્ટેજમાં પ્રવેશી ચુક્યો હોવાના સંકેતો સ્પષ્ટ કર્યા છે.

ગાંધીનગર જિલ્લામાં કોરોના ઘાતક બની રહ્યો છે. જિલ્લાનો મૃત્યુઆંક પણ ચિંતાજનક રીતે વધી રહ્યો છે.

જિલ્લામાં કોવિડ-૧૯ના સંક્રમણના કેસો ગાંધીનગર તાલુકામાં તો જે રીતે વધી રહ્યા છે તેણે તંત્રને હચમચાવી દીધુ છે. શહેરમાં પહેલા જુના સેક્ટરથી શરૂ થયેલ સંક્રમણ હાલ નવા સેક્ટરોમાં જે રીતે કેસો મળી રહ્યા છે તેનો ચેપરેટ પણ વારંવાર ટ્રેન્ડ બદલતો જોવા મળ્યો છે. ક્યારેક જુના સેક્ટરોમાં કેસો વધે છે તો ક્યારેક નવા સેક્ટરોમાં કેસો વધી રહ્યા છે.

જિલ્લામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણની વાતો જે થતી હતી તેની પોકળતા છતી થઈ ગઈ છે. કોરોનાનો ચેપરેટ જે રીતે સ્થિર થયેલો જોવા મળે છે તે આગામી દિવસોમાં વધુ વકરશે તેમ મનાઈ રહ્યું છે.

# શહેરમાં કોરોનાના કેસ ૧૦૦૦ને પાર

**સે. ૨૦ માં એક દંપત્તિ, સે. ૧૯ માં ૨ કેસ, ઉપરાંત ઈન્દ્રોડા, સે. ૨, ૫, ૬, ૭, ૮, સે. ૨૫, ૨૭, ૨૯ અને ૧૭ માંથી કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં આજે કોરનાના વધુ ૧૪ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૦૧૧ થઈ છે. એક હજારનો આંક મનપા વિસ્તારમાં પાર થતાં જ તંત્રની ચિંતા વધી જવા પામી છે.

આજે સે. ૨૦ માંથી ૨, સે. ૧૯ માંથી ૨, સે. ૨ માંથી એક કેસ ઉપરાંત સે. ૨૯, ઈન્દ્રોડા, સે. ૨૭, સે. ૭, સે. ૮, સે. ૬, સે. ૫, સે. ૨૫ અને સે. ૧૭ માંથી કેસો મળી આવ્યા છે.

સે. ૨૯ માં રહેતા અને બેંક ઓફ બરોડાની ગિફ્ટસીટી શાખાના કોલ સેન્ટરમાં નોકરી કરતા એક ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાનને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૦ માંથી આજે બે કેસ મળ્યા છે. જે દંપત્તિનો છે. જેમાં ૬૦ વર્ષીય પુરૂષ અને ૫૬ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. આ દંપત્તિએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ઈન્દ્રોડા ગામેથી એક ૭૦ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને ગાંધીનગર સિવિલમાં દાખલ કરાયા છે. હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજો બજાવતા અને સે. ૨૭ માં રહેતા એક કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કર્મયોગીને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરના વી.આઈ.પી. વિસ્તાર તરીકે ઓળખાતા સે. ૧૯ માં કોરોનાએ આજે તેની પુનઃ હાજરી પુરાવી છે. આજે બે કેસ આ સેક્ટરમાંથી મળી આવતાં તંત્રની ચિંતા વધી જવા પામી છે.

સે. ૧૯ માંથી ૩૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તેણીનીને સારવાર

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામ્ય વિસ્તારમાં પણ દર્દીઓ હવે હોમ આઈસોલેશન પર પસંદગી ઉતારી રહ્યા છે

**ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૦ દર્દીઓ હોમ આઈસોલેશનમાં : કુડાસણમાં એક જ પરિવારમાંથી ૪ કેસ, માણસા અર્બનમાં બે કેસ મેડીકલ ફિલ્ડના : ભાટના યુવાનનું સારવાર દરમ્યાન મોત : જિલ્લામાં ૨૪ કેસ : ગાંધીનગરમાં ૧૩, દહેગામમાં ૫, માણસામાં ૪ અને કલોલમાં બે કેસ**

**ગ્રામ્ય વિસ્તારમાં નવા ૨૪ કેસ**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે કોરોનાના ૨૪ કેસ મળી આવતાં જિલ્લાતંત્રમાં સન્નાટા જેવી સ્થિતિ જોવા મળી રહી છે. આજે પણ સારવાર દરમ્યાન ભાટના એક યુવાનનું મોત થયાની વિગતો બહાર આવવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ અને વધતા જતા ડેથરેટને લઈ તંત્રની ચિંતા વધારી છે. ભાટના યુવાનને ગત સપ્તાહે સારવાર માટે દાખલ કરવામાં આવેલ. આજે બપોરે આ યુવાને અંતિમ શ્વાસ લીધા હતા.

જિલ્લામાં આજે ગાંધીનગરમાંથી ૧૩, દહેગામમાંથી પાંચ, માણસામાં ૪ અને કલોલ અર્બનમાંથી બે કેસ મળી આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ દર્દીઓ હવે હોમ આઈસોલેશનનો વિકલ્પ વધુ પસંદ કરી રહ્યા છે. જેને પગલે તંત્રની કામગીરી વધવા પામી છે. આજે નોંધાયેલા કેસોમાંથી ૫૦ ટકા કરતાં પણ વધુ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. જિલ્લામાં હાલ ૧૦૦ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશન હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર તાલુકાના કુડાસણ ગામેથી ૪, આલમપુર મિલીટ્રી સ્ટેશનમાંથી વધુ ૩ જવાન પોઝીટીવ મળી આવ્યા છે. ગાંધીનગર તાલુકામાં સંક્રમણના કેસો વધી રહ્યા છે તો કલોલ અર્બન,

● અનુસંધાન પાન-૭ પર

# આર.ટી.આઈ. અંતર્ગત જિલ્લામાં ૨૧૦૮ બાળકોને પ્રવેશ ફળવાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત તેના પ્રથમ રાઉન્ડમાં ૨૧૦૮ બાળકોને તેમની પસંદગીની શાળાઓમાં પ્રવેશ આપવાના હુકમો જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા કરી દેવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં ૪૮૦૦થી વધુ અરજીઓ આ માટે તંત્રને મળી હતી. જેમાંથી ૧૨૦૦ જેટલી અરજીઓ વિવિધ ક્ષતિઓને લઈ રદ કરવા પાત્ર હતી.

રાજય સરકારે આર.ટી.આઈ.નો પ્રથમ રાઉન્ડ ૧૧-૯-૨૦૨૦ના રોજ જાહેર કરવાની જાહેરાત કરી હતી. ચકાસણીની કામગીરીને અંતે તંત્ર દ્વારા ૨૧૦૮ જેટલા બાળકોને આ પ્રવેશ ફાળવી દેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના દહેગામ તાલુકામાં ૧૯૩ બાળકો, ગાંધીનગરમાં ૧૧૨૮ બાળકો, કલોલમાં ૫૬૩ બાળકો અને માણસામાં ૨૨૪ બાળકોને રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત પ્રવેશ ફાળવી દેવામાં આવ્યો છે.

આ બાળકોએ ૧૫મી સુધીમાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે. ૧૫મી પછી સરકાર દ્વારા ખાલી રહેતી બેઠકો માટે બીજો રાઉન્ડ પ્રવેશ ફાળવવા માટેનો જાહેર કરશે તેમ મનાઈ રહ્યુ છે.

હાલ તો રાજ્યમાં કોરોનાની સ્થિતિ હોવાથી પ્રા. શાળાઓ બંધ છે. જોકે ઓગષ્ટ સુધીમાં પ્રવેશ કાર્ય સંપન્ન થઈ જતુ હોય છે પરંતુ હજુ સુધી આ કામગીરી ચાલુ રહી છે તે નોંધનીય છે. મળતી વિગતો પ્રમાણે પ્રવેશની કામગીરી સંપન્ન થયા બાદ શાળાઓના સેટઅપ અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જિલ્લામાં આ વર્ષે ૧૨૦૦થી પણ વધુ બાળકોએ ખાનગી શાળા છોડી સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો છે તે પણ નોંધનીય છે.

# અમદાવાદમાંથી ૧ કરોડ રૂપિયાના એમડી ડ્રગ્સ સાથે ચાર ઝડપાયા

**અમદાવાદમાં પોલીસકર્મી સહિત ડ્રગ્સ ડીલરો ઝડપાયા**



અમદાવાદ,તા.૧૩

શહેરમાં એમડી ડ્રગ્સનો વ્યાપ ખૂબ જ વધ્યો છે. પોલીસથી બચીને કરોડો રૂપિયાનું ડ્રગ્સ અમદાવાદમાં લાવવામાં આવી રહ્યું છે, ત્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે સીટીએમ વિસ્તારમાંથી રૂ. ૧ કરોડના એમડી ડ્રગ્સ સાથે પાંચ આરોપીની ધરપકડ કરી છે. ઝડપાયેલા આરોપીમાં એક આરોપી દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો એએસઆઈ ફિરોઝ પણ છે. આરોપી એએસઆઈ ડ્રગ્સ ડીલરોની સાથે રહેતો એ દરમિયાન ડ્રગ્સની ડિલિવરી કરાતી હતી. પોલીસે શહેજાદ તેજાબવાલા સહિત પાંચની ધરપકડ કરી વધુ પૂછપરછ શરૂ કરી છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી કે અગાઉ એમડી ડ્રગ્સ કેસમાં ઝડપાયેલા શહેજાદ તેજાબવાલા અને કેટલાક શખસો અમદાવાદમાં કરોડો રૂપિયાના એમડી ડ્રગ્સની હેરાફેરી કરવાના છે, જેથી સીટીએમ વિસ્તારમાં વોચ ગોઠવી હતી.

પોલીસે શહેજાદની સાથે પાંચ આરોપીની ધરપકડ કરી છે. ઝડપાયેલો આરોપી શહેજાદ અગાઉ ૨૦૧૯માં ક્રાઈમ બ્રાન્ચના હાથે જ ડ્રગ્સ કેસમાં ઝડપાઈ ચૂક્યો હતો. શહેજાદ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી પણ લડ્યો હતો. આ ડ્રગ્સની હેરાફેરીમાં દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતો પોલીસકર્મચારી ફિરોઝ પણ સંડોવાયેલો છે. ફિરોઝને સાથે રાખી આરોપીઓ ડિલિવરી કરતા હતા. મુંબઈથી આ ડ્રગ્સ લાવવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું છે, જોકે હાલ ક્રાઈમ બ્રાન્ચે વધુ પૂછપરછ શરૂ કરી છે.

અમદાવાદમાં એમડી ડ્રગ્સની હેરાફેરી ખૂબ જ વધી ગઈ છે, ખાસ કરીને વટવા, દાણીલીમડા, શાહઆલમ, રિલીફ રોડ, શાહપુર અને ઈસનપુર વિસ્તારમાં આ ડ્રગ્સના પેડલરો અને ડીલરો છે, જેઓ અનેક યુવાધનને બરબાદ કરી રહ્યા છે.

# જ-માર્ગ પર લીમડાના ૫ હજાર વૃક્ષો પર ગળોના વેલા લપેટાશે

**કોરોના અને કેન્સર જેવી બિમારીમાં ઉપયોગી ગળો - ગિલોય ના વેલા લીમડાના વૃક્ષ પર ચઢાવાશે : જ માર્ગ પર લીમડાના વૃક્ષોના પ્લોટમાં આ નવતર રોપાઓની વાવણી કરાશે**

ગાંધીનગર તા ૧૩

વરસાદી દિવસોમાં વન વિભાગ દ્વારા નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. શહેરમાં મુખ્યમાર્ગો આસપાસ વન આરક્ષિત જગ્યામાં રંગબેરંગી ફુલો નિખરે તે મુજબ નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવી છે. જયારે કોરોનાના કહેર વચ્ચે કેન્સર સહીતની બિમારીમાં ઉપયોગી ગળોના નવા રોપાઓની પણ વાવણી કરાશે વનતંત્ર દ્વારા જ માર્ગ પર સ્થિત પ્લોટમાં ૫ હજાર જેટલા લીમડાના વૃક્ષો પર ગળોના વેલા ઉછેરવામાં આવશે.

વરસાદી દિવસો દરમિયાન વનતંત્ર દ્વારા શહેર તેમજ જિલ્લામાં નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. જયારે નવા રોપાઓની વાવણી સાથે રોપાઓનુ યોગ્ય જતન થાય તે મામલે પણ વનતંત્ર પુરતુ જાગૃત છે. શહેરમાં હાલ માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યાની સફાઈ કરવામાં આવી રહી છે. વનતંત્ર દ્વારા નગરના મુખ્ય જ માર્ગની રોનક નિખારવા અગાઉ ફુલો નિખરે તેવા રોપાઓની પણ વાવણી કરવામાં આવી હતી. બીજીતરફ હાલ કોરોનાના કહેર વચ્ચે આર્યુવેદિક ઓષધિ અંગે આમ નાગરિકો વિશેષ જાગૃત બન્યા છે. આર્યવેદિક દવાઓનુ મહત્વ સમજાયુ છે. કોરોના અને કેન્સર સહીતની બિમારીમાં ગિલોય અલબત્ત ગળો ઉપયોગી નિવડે છે. જયારે આ સ્થિતિ વચ્ચે નગરમાં સ્થિત આર્યુવેદિક દવાઓનુ વેચાણ પણ વધ્યુ છે. જેને અનુલક્ષી વનતંત્ર દ્વારા ગળોના વેલા ઉછેરવા માટે પણ વિશેષ આયોજન કર્યુ છે.

નગરના જ માર્ગ પર વનતંત્ર દ્વારા લીમડાના પ્લોટમાં ગળોના રોપાઓનો વિશેષ ઉછેર થાય તે માટે આયોજન કરાયુ છે. આ માટે વનતંત્ર દ્વારા આ પ્લોટમાં સ્થિત લીમડાના પાંચ હજાર જેટલા રોપાઓ પર ગળોના વેલા ઉછેરવા માટે કામગીરી હાથ ધરાશે. આગામી સપ્તાહમાં આ કામગીરી પુર્ણ કરી દેવાશે. વનતંત્ર દ્વારા હરિયાળા ગાંધીનગરમાં વિવિધ પ્રકારના રોપાઓની વાવણી કરવામાં આવે છે. વિવિધ માર્ગોને પણ કલરકોડ પ્રમાણે આવરી લેવા રંગબેરંગી ફુલો નિખારવા માટે રોપાઓની વાવણી કરવામાં આવે છે. ત્યારે વનતંત્રએ જ માર્ગ પર હવે નવતર પ્રયોગ હાથ ધરવા માટે પણ આયોજન કર્યુ છે.

# જિલ્લામાં વાહકજન્ય રોગચાળા માટે આજથી સઘન સર્વેલન્સ શરૂ કરાશે

**આજથી ૨૧મી સપ્ટેમ્બર દરમિયાન સર્વેલન્સની કામગીરી હાથ ધરાશે : જેમાં કન્સ્ટ્રક્શન સાઈટ ડ્રાઈવ અંતર્ગત બાંધકામ સાઈટ ઉપરાંત દવાખાના, હોસ્પિટલ, ઔધોગિક એકમો સહિત હોટેલ, રેસ્ટોરન્ટને આવરી લેવામાં આવશે**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગચાળો નિયંત્રણમાં રહે તે માટે ૧૪મી ઓગષ્ટથી આ અંગેના સર્વેલન્સનો બીજો રાઉન્ડ શરૂ કરવામાં આવનાર છે.

જિલ્લા મેલેરિયાતંત્રએ તેના પ્રથમ રાઉન્ડમાં ૬ હજારથી વધુ સ્થાનોએથી મચ્છરોના પોરા શોધ્યા હતા અને તેનો નાશ કર્યો હતો. હાલ જિલ્લામાં મચ્છરોની ઉત્પત્તિ માટેનું સૌથી સાનુકૂળ વાતાવરણ હોવાથી સઘન સર્વેલન્સનો આ બીજો તબક્કો હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. તંત્રએ પ્રથમવાર ૮૦ જાર જેટલો દંડ વસુલ્યો છે તે પણ નોંધનીય છે.

રાષ્ટ્રીય વાહક જન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત વિવિધ સંસ્થાકીય એકમોની મુલાકાતની ઝુંબેશ નો બીજો રાઉન્ડ આગામી તારીખ ૧૪મી સપ્ટેમ્બરથી શરૂ કરવાનો છે. તારીખ ૧૪ /૯/ ૨૦ના રોજ હોટલ રેસ્ટોરન્ટ અને ખાણીપીણીના ગલ્લા દુકાનો આવરી લેવામાં આવશે. તારીખ ૧૫ /૯ /૨૦ના રોજ મંગળવાર એટલે કે એબેટ દિવસ. આ દિવસે રહેણાંક વિસ્તાર એટલે કે રેંજી' રેંજી સર્વે હાથ ધરવામાં આવશે. ત્રીજો દિવસ એટલેકે તારીખ ૧૬/ ૯/ ૨૦૨૦ ના રોજ શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લેવામાં આવશે..

૧૭/૯/ ૨૦૨૦ ના રોજ ગુરુવાર એટલે કે construction site drive. આ દિવસે તમામ બાંધકામ સાઈટો કવર કરવામાં આવશે. તારીખ ૧૮/ ૯ /૨૦૨૦ ના રોજ શુક્રવારના દિવસે તમામ દવાખાના હોસ્પિટલ ચેક કરવામાં આવશે. તારીખ ૧૯ /૯ /૨૦૨૦ ના રોજ શનિવાર એટલે કે ઔધોગિક એકમો તપાસવાનો દિવસ આ દિવસે અમુક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં એસ.એન. આઈ.ડી હોવાથી તે વિસ્તારોમાં ઔધોગિક એકમોની ચકાસણી સોમવારના રોજ એટલે કે તારીખ ૨૧/૯/૨૦ના રોજ કરવામાં આવશે.

ચોમાસા દરમિયાન અને ચોમાસા પછી થતો વાહક જન્ય રોગ રોગ ચાળો નિયંત્રણમાં રાખવા માટે ના સતત પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે

## પ્રભુ શરણ



અમારા માતુશ્રી **દયાબેન જયંતિલાલ ત્રિવેદી (જામનગરવાળા)** તા. ૧૩/૯/૨૦૨૦ને રવિવારના રોજ પ્રભુશરણ પામેલ છે.

**વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ટેલીફોન બેલણું તા. ૧૪/૯/૨૦૨૦ના રોજ સવારે ૧૦ થી ૧૨ રાખેલ છે.**

**મહેન્દ્રભાઈ જે. ત્રિવેદી - ૯૬૦૧૬ ૦૨૪૦૦**
**ભરતભાઈ જે. ત્રિવેદી - ૯૮૨૫૫ ૫૭૦૫૫**
**ઉષાબેન વી. ત્રિવેદી - ૬૩૫૩૯ ૩૫૮૨૮**


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૫૦૦/-

ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.

પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com